# સુરત મહાનગરપાલિકા

## સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન

## <u>પ્રેસનોટ</u>

સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ પ્રી.ટી.પી.સ્કીમ નં. ૪૧(ડિંડોલી)માં સુરત મહાનગરપાલિકાને SEWS હેતુ માટે ફાળવેલ અનામત પ્લોટ નં. ફા. પ્લોટ નં. ૩૨ (હાઉસીંગ ફોર એસ.ઈ.ડબ્લ્યુ.એસ.) માં આવેલ ડૉ. આંબેડકર કામદાર આવાસના "એ" તથા "બી" ટાઈપના મળી G+ ૩ માળના કુલ ૯(નવ) બિલ્ડીગ બનાવવામાં આવેલ. સદર ૯(નવ) બિલ્ડીંગમાં આવેલ કુલ ૧૩૫ ફ્લેટો/ આવાસો તથા ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૬૧(પરવટ-ગોડાદરા), ખાનગી માલિકીના ફા. પ્લોટ નં. ૧૫૬ માં આવેલ પ્રિયંકા એપાર્ટમેન્ટના બિલ્ડીંગ "એ" થી "એફ" ઈમારત જર્જરીત હાલતમાં હોય, જે અન્વયે સાઉથ ઇસ્ટ(લિંબાયત) ઝોન ધ્વારા સદર બિલ્ડીંગના રહેવાશીઓને/ટેનામેન્ટવાશીઓને વખતોવખત ધી.બી.પી.એમ.સી એક્ટ-૧૯૪૯ ની કલમ ૨૬૪ હેઠળ નોટીસ પાઠવવામાં આવેલ તેમજ સદર ટેનામેન્ટનાં રહેવાસીઓને સદર બાબતે સ્થળ પર બેનરો પ્રસિધ્ધ કરી રૂબરૂમાં સમજણ આપવામાં આવેલ છે. પરંતુ સદર બિલ્ડીંગના રહેવાસીઓ દ્વારા આજદીન સુધી કોઈપણ પ્રકારનું રીપેરીંગ કામ કરાવેલ નથી તેમજ સ્ટ્રક્ચર સ્ટેબીલીટી સર્ટીફીકેટ રજુ કરેલ નથી. જેથી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના ઝોનલ ચીફ અને ડે. મ્યુનીસીપલ કમિશનરશ્રી દ્વારા કાર્યપાલક ઈજનેર, ડેપ્યુટી ઈજનેર તેમજ આસી. ઈજનેર સહીત સદર મિલ્કતોમાં રૂબરૂ સ્થળ વિઝીટ કરી સદર મિલ્કતોના રહેવાસીઓને તાકીદે રીપેરીંગની પ્રક્રિયા હાથ ધરવા જણાવેલ તથા પ્રિયંકા એપાર્ટમેન્ટના રહેવાસીઓને રીપેરીંગ કરાવી સ્ટ્રક્ચરલ સર્ટીફીકેટ રજુ કરવા તેમજ જર્જરીત ભાગ દુર કરવા જણાવેલ. વધુંમાં સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) વિસ્તારમાં ફા. ટી.પી.સ્કીમ નં. ૭, ફા. પ્લોટ નં. ૧૮૮ પૈકીમાં આવેલ માનદરવાજા ટેનામેન્ટ જર્જરીત હોય, વસવાટ યોગ્ય ન હોવાના કારણે ટેનામેન્ટ વાસીઓની તથા જાહેર જનતાની સલામતીને ધ્યાનમાં રાખી અત્રે દ્વારા તા. ૦૮/૦૭/૨૦૨૪ ના રોજ કુલ ૧૧૨ નળ જોડાણ દુર કરવાની કામગીરી કરવામાં આવેલ. જે કામગીરીના અનુંસંધાને આજદિન સુધી પ્રાપ્ત માહિતી મુજબ કુલ ૧૫૨ ટેનામેન્ટ વાસીઓ દ્વારા સ્વેચ્છિક રીતે વસવાટ ખાલી કરેલ છે.

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ૧૧૬**
**તા.૧૦/૦૭/૨૦૨૪**